ગાંધીનગર સમાચાર

ફુગાવો -૨.૦૬ ટકા : વ્યાજદર વધુ ઘટશે

અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા અને સામાન્ય લોકોને વધુ રાહત આપવા ઉદ્યોગ જગત અને કંપનીઓની માંગ : ફૂડ ઓઈલ કિંમતમાં ઘટાડાની સીધી અસર

નવી દિલ્હી,તા. ૧૬

ફેબ્રુઆરી મહિનામાં ફુગાવામાં ઘટાડો થયા બાદ ભારતીય કંપનીઓએ રજુઆત કરી છે કે, ભારતીય રિઝર્વ બેંકે અર્થતંત્રમાં માંગમાં નવા પ્રાણ ફુંકવા માટે પોલીસી રેટમાં ઘટાડો કરવાનો દોર જારી રાખવો જોઈએ. આ વર્ષે ફેબ્રુઆરી માટે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) આધારીત ફુગાવાનો રેટ માઈનસ ૨.૦૬ ટકા રહ્યો છે. જે જાન્યુઆરી મહિનામાં માઈનસ ૦.૩૯ ટકા હતો અને ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ૫.૦૩ ટકા હતો. ફૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયા બાદ તેની સીધી અસર જોવા મળી છે. ડબલ્યુપીઆઈ ફુગાવો માઈનસ ૨.૦૬ ટકા રહેતા આને લઈને રાહત જોવા મળી રહી છે. કારણકે, પોલીસી રેટમાં ઘટાડો કરવા માટે આરબીઆઈ માટે માર્ગ મોકળો થઈ રહ્યો છે. સતત ચોથા મહિનામાં હોલસેલ ફુગાવો નકારાત્મક ઝોનમાં રહ્યો છે. એક નિવેદનમાં એસોચેમના પ્રમુખ રાણાકપુરે માહિતી આપતા કહ્યું છે કે, પરિસ્થિતિ ઈન્ડસ્ટ્રીયલ અને કન્ઝ્યુમર માંગને પ્રોત્સાહન આપવા તાત્કાલિક પગલા તરફ ઈશારો કરે છે. સાથે-સાથે વ્યાજદરમાં ઘટાડો થાય તેવી સ્થિતિ સર્જાઈ છે. સરકાર માટે પણ સરળ લોન સુવિધા ઉપલબ્ધ બને તેના પર ધ્યાન આપવું જોઈએ. કપુરનું કહેવું છે કે મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં નવા પ્રાણ ફુંકવાનો સમય પણ આવી ગયો છે. એકંદરે ધ્યાન હવે જીડીપી વિસ્તરણ, ઔદ્યોગિક વિકાસ ઉપર કેન્દ્રીત થવું જોઈએ. કન્ઝ્યુમર અને ઈન્વેસ્ટરલક્ષી પગલાઓ લેવા જોઈએ.

મેન્યુફેક્ચર્ડ વસ્તુઓ, ફ્યુઅલ પ્રોડેક્ટ, ફૂડ આર્ટિકલ્સની કિંમતોમાં ઘટાડો થયો છે. કોમોડીટીની કિંમતોમાં પણ ઘટાડો થયો છે. ફૂડ આર્ટિકલ્સમાં ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૭.૭૪ ટકા રહ્યો છે. જ્યારે મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટમાં તે ૦.૩૩ ટકા રહ્યો છે. મેન્યુફેક્ચરીંગ ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે. આરબીઆઈ સાતમી એપ્રિલના દિવસે તેમની આગામી નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે. આરબીઆઈએ અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે જાન્યુઆરી-માર્ચ વચ્ચેના ગાળામાં ૦.૫૦ ટકા સુધીનો ઘટાડો પોલીસી રેટમાં કર્યો છે.

એકલા મહારાષ્ટ્રમાં એક હજાર કરોડથી વધુના પાકને નુકશાન

કમોસમી વરસાદના લીધે હજારો કરોડનું નુકશાન

ઉત્તરપ્રદેશમાં ઘંઉ, તેલીબિયા, કઠોળના પાકને વ્યાપક નુકશાન : ગુજરાતમાં પણ કેરી સહિત વિવિધ પાકને નુકશાન

નવી દિલ્હી,તા. ૧૬

દિવસ રાત એક કરીને મબલખ પાક મેળવનાર ખેડુતોની સાથે હવે કુદરત પણ નથી તેવા સંકેત મળી રહ્યા છે. તાજેતરમાં ગુજરાત અને રાજસ્થાન સહિત દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ અને બરફના કરા સાથે તોફાની વરસાદના કારણે ખેડુતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. એકબાજુ મહારાષ્ટ્રમાં કમોસમી વરસાદના કારણે એક હજાર કરોડથી વધુના પાકને રાજ્યભરમાં નુકશાન થવાનો અંદાજ દેખાઈ રહ્યો છે. બીજીબાજુ કમોસમી વરસાદથી ઉત્તરપ્રદેશમાં પણ તેલીબિયા, કઠોળ અને અન્ય પાકને ૮૦ ટકાથી વધુનું નુકશાન થયું છે. આવી સ્થિતિમાં ભાવ વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. ભારે નુકસાન થયા બાદ રાજસ્થાનમાં એક ખેડુતને એટેક આવ્યા બાદ મોત થયું છે. ભિલવાડા જિલ્લામાં બજનોર વિસ્તારના મોથી ગામમાં ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે. આ

ગામમાં ખેમસિંહ નામના ખેડુતને એટેકે આવ્યા બાદ મોત થયું છે. તેના ઉભા પાકને કમોસમી વરસાદ અને કરાના કારણે નુકસાન થયું હતુ. તે આઘાતમાં ગરકાવ થઈ જતા તેના પર એટેકનો હુમલો થયો હતો. શનિવારે રાત્રે અને રવિવારે ભારે કમોસમી વરસાદ થયો હતો. મોથી ગામના બે ખેડુત ભાઈ ખેમસિંહ અને મહેન્દ્રસિંહ ભારે ચિંતાતુર બની ગયા હતા. કમોસમી વરસાદ બાદ તેઓ સવારમાં ખેતરમાં પહોચ્યા હતા. તેમને જોયું કે તેમના ઘઉના પાકને સંપૂર્ણ નુકસાન થયું છે. ખેમસિંહ આઘાતમાં ગરકાવ થઈ ગયો હતો. આવી સ્થિતી કોઈ એકબે ખેડુતોની બની નથી. બલ્કે કેટલાક રાજ્યોમાં ખેડુતો આવી જ સ્થિતીનો સામનો કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનમાં ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. આવનાર દિવસોમાં હજુ પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી સ્થિતી વધુ વણસી શકે છે. સરકારને વહેલી તકે કોઈ રાહત જાહેર કરવી જોઈએ. ઉત્તરપ્રદેશમાં કમોસમી વરસાદથી ૮૦ ટકા તેલી બિયાને નુકસાન થયું છે. કઠોળના પાકને પણ નુકસાન થયું છે.

મહારાષ્ટ્રમાં ૧૦૦૦ કરોડના ઉબા પાકને નુકસાન થઈ ચુક્યું છે. મધ્યપ્રદેશમાં પણ સ્થિતી વણસી છે. અહી પણ વરસાદ અને બરફના કરા હાલમાં પડ્યા છે. મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ દુષ્કાળની અસરમાંથી ખેડૂતો બહાર આવે તે પહેલાં જ કમોસમી વરસાદના સ્વરૂપમાં મહારાષ્ટ્રમાં બીજો ફટકો પડી ગયો છે. રવિપાકોને ભારે નુકશાન થયું છે. વિધર્ભના કપાસના પટ્ટામાં ખેડૂતોની આત્મહત્યા માટે જાણીતા થયેલા યવાતમલ જિલ્લામાં ૧૭૦૦૦ હેક્ટર વિસ્તારમાં પાકને નુકશાન થયું છે. આંકડો પ્રાથમિક રીતે એક હજાર કરોડમાં પહોંચે છે. એક વર્ષ અગાઉ જ રાજયમાં ખેડૂતોને બરફના કરાના કારણે ભારે નુકશાન થયું હતું. આ ઉપરાંત છેલ્લા થોડાક મહિનાઓમાં ૯૦ લાખ ખેડૂતોને રાજયના દુષ્કાળના કારણે માઠીઅસર થઈ હતી. ડિસેમ્બર મહિનામાં જ મુખ્યમંત્રી ફડનવીસે દુષ્કાળ રાહત માટે છ હજાર કરોડની માંગ કરી હતી. જે પૈકી ૪૮૦૦ કરોડ રૂપિયા પાક નુકશાન માટે ખેડૂતોના વળતર તરીકેના હતા. મહારાષ્ટ્રમાં ઘંઉ, જુવારને ભારે નુકશાન થયું છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં પૂણે, નાસિક, અમરાવતી, રત્નાગર અને રાયગઢનો સમાવેશ થાય છે. આવી સ્થિતિ યુપીમાં પણ થયેલ છે. યુપીમાં ઘંઉ અને તેલીબિયા તથા કઠોળને ભારે નુકશાન થયું છે.

હવે દહેજ વિરોધી કાયદામાં સુધારા કરવા સરકાર તૈયાર

નવી દિલ્હી,તા. ૧૬

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર હવે દહેજ વિરોધી કાયદામાં સુધારા કરીને દહેજ શોષણના મામલામાં સુનાવણીની શરૂઆતમાં પતિ અને પત્નિ વચ્ચે સમાધાનને મંજૂરી આપનાર છે. આ કાયદાનો દુરુપયોગ કરીને પુરૂષો અને તેમના નજીકના સંબંધીઓને ત્રાસ આપવાની ઘટના તાજેતરમાં બની છે. આ બાબતની નોંધ લઈને સરકાર કાયદામાં સુધારા કરવાની ઈચ્છા ધરાવે છે. સુચિત સુધારા હેઠળ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૮એમાં સુધારા કરીને અદાલતની મંજૂરી સાથે અદાલતની બહાર સમાધાનની શક્યતાની જોગવાઈ કરવામાં આવનાર છે. કાયદા પંચ અને જસ્ટીસ મલિમથ સમિતીએ પણ આ પ્રકારની ભલામણ કરી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે મુસદ્દા બિલ તૈયાર કરવાના હેતુથી કેન્દ્રિય કેબિનેટ માટે એક નોધ તૈયાર કરવામાં આવી ચુકી છે. જેમાં ઈન્ડયન પીનલ કોડની કલમ ૪૯૮એમાં સુધારા કરીને અદાલતની બહાર સમજુતી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. હાલમાં આ અપરાધમાં સમાધાનની કોઈ જોગવાઈ રાખવામાં આવી નથી. આ એક બિનજામીનપાત્ર ગુનો છે. જેમાં આરોપીની તરત ધરપકડ કરવાની જોગવાઈ રાખવામાંાવી છે. આવી સ્થિતીમાં સમાધાનના પ્રયાસો શક્ય નથી. આ કાયદા હેઠળ કોઈ પતિ અથવા તો તેના પરિવારના સભ્યોને એ વખત સુધી દોષિત ગણવામાં આવે છે જ્યા સુધી તે કોર્ટમાં જઈને પોતે નિર્દોષ હોવાની સાબિતી ન આપે. એવા આરોપો પણ સપાટી પર આવ્યા છે કે એવા કેટલાક કેસો છે જ્યાં કોઈ લગ્નની તકલીફ આવવાની સ્થિતીમાં પત્નિ અતવા તો તેમના પરિવારના સભ્યો પતિ અને તેમના પરિવારના સભ્યોને દહેજના ખોટા મામલામાં ફસાઈ દે છે. જો સમાધાનની જોગવાઈ કરવામાં આવશે તો કાયદાના દુરુપયોગને રોકી શકાશે.

ચીન ત્રીજા સૌથી મોટા શસ્ત્ર નિકાસકાર દેશ તરીકે રહ્યું

નવી દિલ્હી,તા. ૧૬

ચીને હવે વિશ્વના ત્રીજા સૌથી મોટા શસ્ત્ર નિકાસકાર દેશ તરીકેની સિદ્ધી મેળવી લીધી છે. ચીને આ મામલે હવે જર્મનીને પછડાટ આપી છે. નવા અભ્યાસમાં હવે આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આજે સવારે જારી કરવામાં આવેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક શસ્ત્ર માર્કેટમાં ચીનની હિસ્સેદારી વર્ષ ૨૦૧૦-૨૦૧૪ દરમિયાન વધીને ૧૪૩ ટકા થઈ ગઈ છે. આ ગાળા દરમિયાન વૈશ્વિક શસ્ત્ર ટ્રાન્સફર વોલ્યુમમાં અગાઉના પાંચ વર્ષની સરખામણીમાં ૧૬ ટકાનો વધારો થયો છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ દ્વારા આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૦૯-૧૪માં વર્લ્ડ માર્કેટની હિસ્સેદારીમાં વધારો થયો છે. એ ગાળા દરમિયાન શસ્ત્ર નિકાસકારોની યાદીમાં ચીન નવમાં ક્રમાંકે હતુ. યુદ્ધ વિમાનો, જહાજોની નિકાસમાં તે સૌથી આગળ છે. ડેટા દર્શાવે છે કે ચીન દિન પ્રતિદિન તેની ટેકનોલોજીને સુધારવામાં સપળ રહ્યું છે. જેથી તેની હિસ્સેદારી સતત વધી રહી છે.

ચીને ૩૫ દેશોમાં તેના હથિયારો નિકાસ કર્યા છે. જેમાં પાકિસ્તાન, બાંગલાદેશ મ્યાનગાર મુખ્ય છે. ચીન દ્વારા ભારતના બજારો પર પણ નજરહવે રાખવામાં આવી રહી છે.ચીન મધ્યમ ક્વાલિટીના હથિયારો આપે છે. જેની કિંમત વાજબી હોય છે. આ જ કારણસર તે વિશ્વના બજારોમાં ઝડપથી આગેકુચ કરી રહ્યું છે. અમેરિકા, રશિયા, જર્મની અને બ્રિટન સાથે તેની હવે સ્પર્ધા તીવ્ર બની રહી છે. તે નવા બજારો પર પણ ધ્યાન આપી રહ્યું છે. તીવ્ર સ્પર્ધા વચ્ચે તે ઉત્તર કોરિયા અને ઈરાનને પણ પ્રભાવિત કરવા માટે તે પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકાની સામે તે નવા નવા પડકારો ઉભા કરે છે. ચીન મોટાભાગે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને મ્યાનમારને હથિયારો પુરા પાડે છે. આ ઉપરાંત અન્ય દેશો પણ છે જેમાં ઈરાનનો સમાવેશ થાય છે. ચીન સ્પર્ધાત્મક કિંમતે અગ્રણી ડ્રોન ટેકનોલોજીની ઓફર કરે છે.જેની બોલબાલા દેખાઈ રહી છે. બે વર્ષ અગાઉ એર શોના પરિણામ સ્વરૂપે તેમાં ફાયદો થયો છે. સંયુક્ત અરબ અમીરાત, ઉજબેકિસ્તાન અને સાઉદી અરેબીયા પણ ખરીદારોમાં સામેલ રહ્યા છે.

ટિપ્પણીને પરત ખેંચવા શરદ યાદવે સાફ ઈન્કાર કરતા વિવાદ

મહિલા રંગરૂપને લઈ શરદની ટિપ્પણીથી ભારે હોબાળો થયો

નવી દિલ્હી,તા. ૧૬

જનતાદળ યુનાઈટેડના અધ્યક્ષ શરદ યાદવ દ્વારા મહિલાઓના રૂપરંગને લઈને કરવામાં આવેલી ટિપ્પણીથી રાજ્યસભામાં ભારે હોબાળો મચી ગયો હતો. કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને શરદ યાદવ સમક્ષ માંગણી કરી હતી કે તેઓ પોતાની ટિપ્પણીને પરત ખેંચી લે. પરંતુ યાદવે સ્પષ્ટતા કરી હતી કે તેઓ આ બાબતને લઈને માફી માંગશે નહીં. શરદ યાદવે કહ્યું હતું કે, કોઈપણ સંજોગોમાં તેઓ પોતાની પ્રતિક્રિયાને પરત લેશે નહીં. પોતાની જુની ટિપ્પણી પર માફી માંગવાના બદલે શરદ યાદવે શિક્ષણ પ્રધાન સ્મૃતિ ઈરાનીને એવી વાત કરી બેઠા હતા જેનાથી વધુ વિવાદ છેડાઈ ગયો હતો. તમે શું છો તે હું જાણું છું તેમ કહીને શરદ યાદવે ભારે હોબાળો મચાવ્યો હતો. રાજ્યસભામાં ગયા સપ્તાહમાં વીમા બિલ ઉપર ચર્ચા દરમિયાન શરદ યાદવે મહિલાઓના રૂપરંગને લઈ ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે, આપના ભગવાન રવિશંકર પ્રસાદ જેવા છે,

પરંતુ આપની લગ્નની જાહેરાતોમાં શ્વેત વધુ ઉપર પ્રકાશ ફેંકવામાં આવે છે. દક્ષિણ ભારતીય મહિલાઓના રંગરૂપ અંગે તેમણે કહ્યું હતું કે દક્ષિણ ભારતની મહિલાઓ અશ્વેત હોય છે પરંતુ તેઓ ખૂબસૂરત હોવાની સાથે-સાથે મન પણ ખૂબસૂરત રાખે છે. આજે સંસદમાં આ મુદ્દો ઉઠાવી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, દક્ષિણ ભારતીય મહિલાઓ ઉપર ટિપ્પણી કરવામાં આવી હતી. તેમનો પણ ઉલ્લેખ છે. પરંતુ તેઓ શાંત રહ્યા હતા. તેમણે સંસદના અધ્યક્ષ સમક્ષ રજુઆત કરી હતી કે તેઓ આ પ્રકારની ટિપ્પણીથી અસંતુષ્ટ છે. જેથી શરદ યાદવ ટિપ્પણી પરત લે તેવી વિનંતી કરવામાં આવે. બીજીબાજુ શરદ યાદવે કહ્યું હતું કે, તેમના નિવેદનનો ખોટો મતલબ કાઢવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભારતમાં અને વિશ્વમાં ઘણી મહિલાઓ અશ્વેત છે. આ મુદ્દે તેઓ કોઈની પણ સાથે ચર્ચા કરી શકે છે. અમે ભારતીય સંસ્કૃતિની તરફેણમાં છીએ.શરદ યાદવે આક્રમક વલણ અપનાવ્યું હતું. રાજ્યસભાના નાયબ અધ્યક્ષ પીજે કુરીયને પ્રતિક્રિયામાં કહ્યું હતું કે, તેઓ આ મુદ્દે કોઈપણ પ્રકારની ચર્ચાને મંજુરી આપશે નહીં. બીજીબાજુ વિપક્ષના નેતા ગુલામનબી આઝાદે પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. ત્યારબાદ સંસદની બહાર શરદ યાદવે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, તેઓએ જે કંઈપણ પ્રતિક્રિયા કરી છે તેમાં કોઈપણ ખોટી બાબત દેખાતી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપ અને જેડીયુ વચ્ચે સંબંધો લોકસભાની ચુંટણી પહેલા તૂટી પડ્યા હતા. ઘણા વર્ષો સુધી આ બન્ને પક્ષો એક સાથે રહ્યા હતા. જોકે, મોદીને વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરાતા લોકસભાની ચુંટણી દરમિયાન જેડીયુએ વાંધો ઉઠાવ્યો હતો અને ભાજપ સાથે છેડો ફાડ્યો હતો. ત્યારબાદથી બન્ને પક્ષો એકબીજાને નુકશાન કરવાની તક છોડતા નથી.

૭૪થી વધુ મોટા પ્રોજેક્ટો વિવિધ કારણથી અટવાયા

નવી દિલ્હી,તા. ૧૬

બેંકોએ એવા ૭૪ મોટા પ્રોજેક્ટો ઓળખી કાઢ્યા છે જે હવે નોન પર્ફોમિંગ સંપત્તિમાં ફેરવાઈ ગયા છે. આ પ્રોજેક્ટોમાં પ્રમોટરો ઈન્સ્ટોલમેન્ટની ચુકવણી કરી રહ્યા નથી. જેના પરિણામ સ્વરૂપે ૫૫૦૦૦ કરોડની આસપાસની લોનના ભાવિ અદ્ધરતાલ થઈ ગયા છે. દબાણ હેઠળ રહેલા પ્રોજેક્ટોમાં જંગી નાણા રોકવામાં આવી ચુક્યા છે. આ તમામ પ્રોજેક્ટોમાં ૩.૫ લાખ કરોડની આસપાસનું રોકાણ કરવામાં આવી ચુક્યું છે. બેંકો દ્વારા પહેલાથી જ ૬૭૦૦૦ કરોડ સુધીની લોન મંજુર કરવામાં આવી ચુકી છે. બેંકો અને ખાસ કરીને જાહેર ક્ષેત્રની બેંકો હવે બેડ ડેપ્ટને લઈને ગણતરીમાં છે. અટવાય પડેલા પ્રોજેક્ટોમાં કેટલાક પ્રોજેક્ટો ખૂબ મોટા છે. જેમાં મોદી સરકાર ઈચ્છે છે કે, આ પ્રોજેક્ટોને યથાવત રીતે આગળ વધારવામાં આવે. યુપીએ સરકારના ગાળા દરમિયાન પણ આમાંથી કેટલાક પ્રોજેક્ટો હતો. નવા પ્રોજેક્ટોને ઝડપથી અમલી કરવાની દિશામાં સરકાર આગળ વધવા માટે ઈચ્છુક છે. આ પ્રોજેક્ટોમાં વિજળીથી લઈને માર્ગો, બંદરો અને સ્ટીલ પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે. વર્ષોથી કેટલાક પ્રોજેક્ટો અટવાયેલા છે જેમાં લાન્કો અમરકંટક અને એસકુમારના મહેશ્વર હાઈડલ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

સમાચાર ઝલક

- રાજપીપળામાં રીક્ષા ડ્રાઈવરે રીક્ષામાં પરબ શરૂ કરી. સેવા શોધવા જવું પડતું નથી.
- દ્વારકા નજીક સમુદ્ર કિનારે ચીની લખાણવાળા બોમ્બ મળી આવ્યા.
- સૂરતમાં રોમીયોગીરીના ત્રાસથી પોલીસ પુત્રીનો આપઘાતનો પ્રયાસ.
- જંબુસરમાં કોમી તંગદિલી ૩૮ સામે ફરિયાદ ૨૧ની ધરપકડ.
- ગીરપંથકમાં કરજદાર ખેડૂતો કેસર કેરીના આંબાના વૃક્ષ કાપીને જીવન ગુજારે છે.
- દિલ્હી-વડોદરા વિમાનનું ઈમરજન્સી ઉતરાણ કરાયું ૧૩૫ મુસાફરોનો બચાવ.
- બટાકામાં મંદી હતી ત્યાં કમોસમી માવઠાથી ભાવ વધુ ગગડયા. ખેડૂતો વિસામણમાં.
- સૂરતમાં ૬૦૦ હીરાના વેપારીઓ આવકવેરાની ઝપટમાં આવ્યા.
- સ્માર્ટફોનના પ્રેમમાં ૪૦ ટકા લોકોને સેક્સલાઈફમાંથી રસ ઉડી ગયો.
- દેશભરમાં એરપોર્ટ પર સુવિધાના નામે વીઆઈપી કલ્ચર દૂર કરાશે.
- હવે મહિલા બાઉન્સરો પણ પુરુષો કરતાં વધુ કમાણી કરે છે.
- ૧૦૮ સેવાને બિન જરૂરી તથા હેરાન કરવા કોલ પણ કરાય છે - રિપોર્ટ.
- કળીયુગમાં હરિસ્મરણથી ભકિત સફળ થાય છે - શ્રી સીતારામ બાપુ
- સોલાર ઈમ્પલ્સ-૨ ૧૮મી માર્ચે વારાણસી જવા રવાના થશે.

શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ બંધ કરાયો

ખીણમાં ભારે વરસાદ અને હિમવર્ષાથી જનજીવન ઠપ

શ્રીનગર, તા. ૧૬

જમ્મુ-કાશ્મીરના જુદા-જુદા ભાગોમાં ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ અને હિમવર્ષા થઈ છે. બીજીબાજુ ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ છે. જેના પરિણામ સ્વરૂપે બરફની ચાદર છવાઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરમાં ખીણમાં ભારે હિમવર્ષા થઈ છે, જેના પરિણામ સ્વરૂપે શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. વિમાની સેવા પણ ઠપ થઈ છે. વાહન વ્યવહાર રોકાઈ જવાના કારણે હજારો વાહનો અટવાઈ પડ્યા છે. પોલીસ પ્રવક્તાએ માહિતી આપતા જણાવ્યું છે કે, ખીણના મોટાભાગના વિસ્તારોમાં રવિવારે શરૂ થયેલા વરસાદ અને હિમવર્ષાનો દોર આજે પણ જારી રહ્યો હતો. સોમવારે સવારે પણ હિમવર્ષા થઈ હતી.

૩૦૦ કિલોમીટર લાંબા શ્રીનગર-જમ્મુ હાઈવેને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. ખીણમાં ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે. આગામી ૨૪ કલાક દરમિયાન ખરાબ હાલત રહેવાની શક્યતા છે. માર્ગોને ફરી ખોલવામાં આવે તેવી શક્યતા પણ ઓછી દેખાઈ રહી છે. ખરાબ હવામાનના પરિણામ સ્વરૂપે કાશ્મીર અને દેશના અન્ય ભાગોને જોડતા વિસ્તારોને બંધ રાખવામાં આવ્યા છે. વરસાદના પરિણામ સ્વરૂપે ખીણના ઘણા ભાગોમાં વીજ પુરવઠો ઠપ થયો છે. શ્રીનગર શહેરમાં પણ વીજ પુરવઠો ઠપ થઈ ગયો છે. શહેરના બે ડઝનથી વધુ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. ટ્રાફિક જામની સ્થિતિ શહેરના ઘણા વિસ્તારોમાં જોવા મળી રહી છે. ટૂંકમાં ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. હવામાન વિભાગે વધુ વરસાદ પડવાની આગાહી કરી છે.

રાજેશ ગર્ગ એએપીમાંથી અંતે સસ્પેન્ડ કરી દેવાયા

નવી દિલ્હી,તા. ૧૬

એએપીએ આજે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ પૂર્વ ધારાસભ્ય રાજેશ ગર્ગને સસ્પેન્ડ કરી દેવાનો નિર્ણય કર્યો હતો. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગયા વર્ષે સરકારની રચના કરવા કોંગ્રેસના છ ધારાસભ્યોને ખરીદવાના પ્રયાસ કર્યા હતા તેવો આક્ષેપ કરીને ગર્ગે ખળભળાટ મચાવ્યો હતો. સુત્રોનું કહેવું છે કે ગર્ગ સીરિયલ ભુલો કરનાર છે. જેથી પક્ષને આ નિર્ણય લેવાની ફરજ પડી છે. ગયા સપ્તાહમાં જ રોહિણીના પૂર્વ ધારાસભ્ય ગર્ગે કેજરીવાલ ઉપર આક્ષેપો કર્યા હતા. તેમણે તેમની અને કેજરીવાલ વચ્ચેની ટેલિફોનિક વાતચીત પણ રજુ કરી હતી. ગર્ગે જણાવ્યું હતું કે, કેજરીવાલે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા માટેના તમામ પ્રયાસો કર્યા હતા.

પોલીસ સાથે ઘણી જગ્યાઓએ ઝપાઝપી થઈ

જમીન અધિગ્રહણ બિલની સામે કોંગ્રેસના ઉગ્ર દેખાવ

નવી દિલ્હી,તા. ૧૬

ભાજપના નેતૃત્વમાં મોદી સરકારને ખેડૂત વિરોધી ગણાવીને કોંગ્રેસે આજે જમીન અધિગ્રહણ બિલ સામે જોરદાર દેખાવ કર્યા હતા. પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ હતી, જેમાં કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. પોલીસને

લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. જંતરમંતર ખાતે દેખાવકૂચમાં જયરામ રમેશ, રાજ બબ્બર, રણદીપ સુર્જેવાલા, યુવા કોંગ્રેસના અમરિન્દરસિંહ પણ જોડાયા હતા. વડાપ્રધાન સામે દેખાવ કરાયા હતા. કિસાન વિરોધી નરેન્દ્ર મોદીના સુત્રોચ્ચાર કરાયા હતા. શુક્રવારના દિવસે પણ દેખાવો કરાયા હતા. ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડા જિલ્લામાં આની શરૂઆત થઈ હતી. ત્યારબાદ રાજઘાટ ખાતે પણ દેખાવો કરાયા હતા. લોકસભામાં બિલ પસાર થઈ ગયા બાદ હવે આ બિલ રાજ્યસભામાં મંજુરી માટે આવનાર છે. રમેશે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સંસદની અંદર અને સંસદની બહાર સુધારા સામે લડાઈ જારી રહેશે. રાજ બબ્બરે સરકારની હિલચાલ સામે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. રાજ બબ્બરે કહ્યું હતું કે, અમે સુધારાઓની વિરુદ્ધમાં છીએ. સુર્જેવાલાએ પણ કહ્યું હતું કે, ખેડૂતોની સાથે મળીને કોંગ્રેસે આંદોલન છેડી દીધું છે. જેનો મુખ્ય હેતુ મોદી સરકારની ખેડૂત વિરોધી નિતીઓને ઉજાગર કરવાનો રહ્યો છે.